# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૧/૦૫/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે 'પાવર ઓફ પબ્લિક સ્પીકિંગ એન્ડ કોમ્યુનિકેશન' વિષય પર સેમિનાર યોજાયો

## કોઇપણ વ્યક્તિ જન્મથી વક્તા હોઈ જ શકે નહિ, પરંતુ યોગ્ય તાલીમથી, શબ્દ ભંડોળથી અને જ્ઞાન સાધનાથી સારા વક્તા બની શકાય છે : શ્રી નિખિલ મદ્રાસી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે ચેમ્બરના વર્તમાન માનદ્ મંત્રી અને વાઈસ પ્રેસિડેન્ટ ઈલેક્ટ શ્રી નિખિલ મદ્રાસી દ્વારા શુક્રવાર તા. ૧૦મી મે ૨૦૨૪ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે "પાવર ઓફ પબ્લિક સ્પીકિંગ એન્ડ કોમ્યુનિકેશન" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્તમાન સમયમાં સમાજમાં સારો સંદેશો ફેલાવી શકે તેવા અસરકારક વક્તાઓની અછત છે. કોઈપણ કારણોસર લોકો જાહેરમાં બોલતા અચકાય છે અને તેની પાછળ ઘણા બધા કારણો હોઈ શકે.

૧. આત્મવિશ્વાસનો અભાવ
૨. વક્તા તો જન્મજાત જ હોય છે તેવી ખોટી માન્યતા અને ધારણા
૩. તકનો અભાવ
૪. વાણી સ્વતંત્રતાના અધિકારની અજ્ઞાનતા

વક્તા શ્રી નિખિલ મદ્રાસીએ આ માન્યતાઓનું ખંડન કરતા જણાવ્યું હતું કે તક મળતી હોતી નથી પરંતુ તકને ઝડપી લેવી જરૂરી છે. કોઇપણ વ્યક્તિ જન્મથી વક્તા હોઈ જ શકે નહિ, પરંતુ યોગ્ય તાલીમથી, શબ્દ ભંડોળથી અને જ્ઞાન સાધનાથી સારા વક્તા બની શકાય છે.

પહેલી વખત જયારે બોલવા ઉભા થાવ ત્યારે આત્મવિશ્વાસનો અભાવ હોય તે સ્વાભાવિક ઘટનાક્રમ છે, પરંતુ સતત પ્રયત્ન કરતા રહો તો આત્મવિશ્વાસ જરૂરથી પ્રાપ્ત થઇ શકે છે અને વાણી સ્વતંત્રતા એ ભારતના તમામ નાગરિકોનો જન્મસિદ્ધ અધિકાર છે અને તે કોઈપણ વ્યક્તિ કે સંસ્થા છીનવી શકે નહિ.

તલવારના ઘા રૂઝાઈ જાય છે પણ વાણીના ઘા રૂઝાતા હોતા નથી - આ કહેવતને યથાર્થ ઠેરવતા તેમણે કહ્યું હતું કે અંગત જીવનમાં કે જાહેર જીવનમાં શબ્દો ખૂબ તોલી - તોલીને બોલાવા જોઈએ. એક ખોટો શબ્દ અર્થનો અનર્થ કરીને પરિસ્થિતિને બગાડી શકે છે. ઉદાહરણ તરીકે, હાલમાં જયારે સમગ્ર દેશમાં લોકસભાની ચૂંટણી ચાલી રહી છે ત્યારે કેટલાક નેતાઓ અને અતિ જ્ઞાની પુરૂષો પણ શબ્દોનો બફાટ કરીને જે તે પાર્ટીની દશા બગાડી રહ્યા છે. ભૂતકાળમાં પણ આવી અનેક ઘટનાઓ બની છે જેને કારણે આખેઆખી ચૂંટણી હારી જવાય છે.

આ બધું જાણતા હોવા છતાં પણ જયારે શબ્દોનો બફાટ થાય છે ત્યારે પરિસ્થિતિ કાબૂ બહાર થઇ જતી હોય છે અને પછી એ પરિસ્થિતિને નાથવા માટે અનેક પ્રયત્નો કરવા છતાં પણ સફળતા પ્રાપ્ત થતી નથી અને અંતે માત્ર એકબીજા પર દોષારોપણ કરવા સિવાય અને અફસોસ વ્યક્ત કરવા સિવાય બીજો કોઈ રસ્તો હોતો નથી, માટે શબ્દો પર જબરદસ્ત કાબૂ હોવો જરૂરી છે.

વક્તા જયારે બોલતો હોય છે ત્યારે તેની સામેનું ઓડિયન્સ કોણ છે ? તેની ચિંતા કરવાની વક્તાને જરૂર નથી. મંચ પરનો વક્તા જ સુપ્રિમો છે અને તેથી સામે ગમે તેટલા સિનિયર શ્રોતાઓ બેઠા હોય તો પણ તેઓનો ડર રાખવાની જરૂર નથી. તેની સાથે સાથે ઓડિયન્સ પર ક્યારેય પણ કટાક્ષ કરવો નહિ એ પણ એટલું જ જરૂરી છે કારણ કે શ્રોતાઓ છે તો વક્તા છે.

સારા વક્તા બનવા માટે સારા શ્રોતા બનવું પણ એટલું જ જરૂરી છે. સતત જ્ઞાન ઉપાર્જન કરતા રહેવું અને પ્રાપ્ત કરતા રહેવું એ સારા વક્તાની નિશાની છે. આ ઉપરાંત, સારા વક્તા બનવા માટે જરૂરી એવા ગુણો જેવા કે, વર્તમાન શારીરિક સ્થિતિ (પોસ્ચર), હાથ અને ચહેરા પરના હાવભાવ (જેસ્ચર), દ્રષ્ટિ સંપર્ક (આઈ કોન્ટેક્ટ), અવાજની સપાટી (વોઈસ પીચ), આરોહ-અવરોહ (વોઈસ મોડયુલેશન), વિરામ (પોઝ), ભાષા શુદ્ધિ (ક્લેરિટી ઓફ લેંગ્વેજ) અને શબ્દ ભાર - આ બધાનું સંયોજન હોય તો શ્રોતાઓ ઉપર તમે પ્રભાવ પાડી શકો છો.

વક્તવ્યની શરૂઆત, મધ્ય ભાગ, અંત કઈ રીતે લાવી શકાય ? આ ઉપરાંત, વક્તાના પ્રકારો, વક્તવ્યના પ્રકારો, વક્તવ્ય તૈયાર કરવા માટેની પદ્ધતિઓ વિષે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાણીએ સ્વાગત પ્રવચન પ્રસ્તુત કર્યું હતું અને શ્રીમતી મયુરીબેન વિજયભાઈ મેવાવાલાએ વક્તાનું પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું.